**અસલ હુકમનામુ**
(ઓ. ૨૦, કામ ૬,૭)
**નામ. શ્રી મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ, સહાયક-૩,**
**અંજાર-કચ્છ.**

એમ.એ.સી.પી. નં. ૨૫/૨૦૨૪
આંક-૪૧/એ

ઉમર હુશેન ચાવડાના વારસો
૧. સરીફાબાઇ ઉમર ચાવડા
ઉ.વ.૩૦ આ, ધંધો : ઘરકામ,

૨. સાઇનાબેન ઉમરભાઇ ચાવડા
ઉ.વ. ૧૧ આ, ધંધો : અભ્યાસ

૩. સાયરાબાઇ ઉમર ચાવડા
ઉ.વ. ૦૯ આ, ધંધો : અભ્યાસ

૪. ચાવડા અસગરઅલી ઉમરભાઇ
ઉ.વ. ૦૫ આ, ધંધો : અભ્યાસ

૫. ફૈઝાન ઉમર ચાવડા
ઉ.વ. ૦૩ આ, ધંધો : બાલમંદિર
(અરજદાર નં. ૨ થી ૫ વાળા સગીર
હોતા તેના કુદરતી વાલી માતા
અરજદાર નં. ૧ મારફતે)
બધા રહે :- ગામ : મોટી નાગલપર ,અંજાર-કચ્છ. ...........અરજદારો

વિરૂધ્ધ

૧. યોગેશ માવજીભાઇ ચોટારા
ઉ.વ. ૩૦, ધંધો : ડ્રાઇવીંગ,
રહે. સોરઠીયા ફડીયો, વાડી વિસ્તાર,
ગામ : નાની નાગલપર , તા.અંજાર-કચ્છ

૨. નવીનભાઇ કાનજીભાઇ કાપડી
ઉ.વ. પુખ્ત, ધંધો :–ખબર નથી.
રહે. હોસ્પીટલ રોડ, પ્લોટ નં. ૧૭૯, વિજયનગર,
અંજાર–કચ્છ.

૩. રીલાયંસ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી.
ગાંધીધામ–કચ્છ ...............સામાવાળાઓ

દાખલ કર્યા તારીખ : ૨૬/૦૬/૨૦૨૪
રજીસ્ટરે લીધા તારીખ : ૧૧/૦૭/૨૦૨૪

(૧) અરજદાર તરફે આ કલેઇમ પીટીશન ધી મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૬૬ તળે અકસ્માતમાં થયેલ ઈજા સબ રૂા ૪૬,૪૫,૦૦૦/– નુ વળતર મેળવવા માટે દાખલ કરવામાં આવેલી છે.

(૨) અકસ્માત તા.૨૮/૦૪/૨૦૨૪ ના રોજ અરજદાર નં. ૧ ના પતિ તથા અરજદાર નં. ૨ થી ૫ ના પિતા ઉમર હુશેન ચાવડા તથા બીજા મજુરો ટ્રેકટરની ટ્રોલીમાં ભરેલ બ્લોક (પથ્થરો) ખાલી કરવા આવેલ હતા અને ટ્રોલી ખાલી થઈ જતા ઉમરે હુશેન ચાવડા સાઇડમાં ઉભેલ હતા ત્યારે તે સમયે યોગેશભાઈ ચોટારા તે સામાવાળા નં. ૧ પોતાનો કબ્જાનો ટ્રેકટર નં. G.J. 09 AD. 1862 વાળો બેદરકારી પુર્વક અને ગફલતભરી રીતે અચાનક રીવર્સમાં લેતા ટ્રેકટરનો ટાયર ઉમર હુશેન ચાવડા ઉપર ફરી જતા અકસ્માત થતા ગુજરનારને પાસંણીના ભાગે તથા પેટના ભાગે તથા ગુપ્તાંગનાં ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતા તથા શરીરના અન્ય ભાગોમાં કપાયા છુદાયાની ફ્રેકચર જેવી ગંભીર પ્રકારની ઈજાઓ થતા સારવાર માટે પ્રથમ જાગૃતિ હોસ્પીટલ અંજાર લઇ ગયેલા ત્યાર પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે જી.કે.જનરલ હોસ્પીટલ ભુજ-કચ્છ મધ્યે દાખલ કરેલ અને સારવાર/ઓપરેશન કરવામાં આવેલ અને સારવાર દરમ્યાન તા.૦૭/૦૫/૨૦૨૪ નાં રોજ મરણ ગયેલ.

**તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં અરજદાર, અરજદારના વિ.વકીલ શ્રી એમ.એ.ખોજા અને સામાવાળા નં.૩ ના વિ. વકિલ શ્રી દીનેશકુમાર એમ. મહેતા તથા સામાવાળા નં. ૩ ના**

**ઓર્થોરાઇઝડ સીગ્નેચરી તરફથી નીચે મુજબની શરતોને આધીન સમાધાન પુરશીશ રજુ થાય છે. સમાધાન મુજબની શરતો બન્ને પક્ષકારોને કબુલ/મંજુર હોય, હું મોટર એકસીડેન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ (સહાયક-૩), અંજાર-કચ્છ સમાધાન પુરશીશમાં જણાવ્યા મુજબના નિયમો અને શરતો મુજબ નીચે મુજબનો હુકમ કરુ છુ.**

**:: Settlement Conditions ::**

I/We, the appliant(s) above named have arrived with amicable compromise with the Opponent No. Reliance General ins. Co. Ltd. to settle the above numbered petition in **Rs. 22,00,000/-** (Amount in words **Twenty Two Lakhs only**) less deposited/paid NFL amount, if any (including the costs, interest and all benefits claimed under it), without any force, coercion and/or under any undue influence on following conditions:

1. The applicant(s) waive(s), abandon(s) his/her/their claim for the rest of the claimed amount and also waive(s) the claim against the other opponents.
2. The above named Opponent No. is willing and agrees to deposit cheque for the said amount of Rs. 22,00,000/- less deposited/paid NFL amount with Hon'ble Tribunal within three months from the date of receipt of certified copy.
3. The amount, if any, deposited/paid towards No Fault Liability has to be deducted from the above stated compromised amount.
4. The compromise has been arrived between the parties after deducting contributory negligence on the part of other involved vehicle(s), if any.
5. All the parties to the compromise do mutually compromise this matter without prejudice to their defenses and keeping open their rights to contest connected matters arising out of the same accident and this compromise would not affect in any other pending case for negligence and/or any other defenses of either parties.
6. Both the parties agree to bear their own costs.
7. No any other claim for this particular incidence and victim is pending in any other Court/Tribunal. No other person has claimed for this incidence/accident for the same victim regarding this claim.
8. Hon'ble Tribunal is requested to pass an award in this terms of compromese entered into as above.

**:: હુકમ::**

આ કામે પક્ષકારોને આજરોજ નેશનલ લોક અદાલતમાં અકસ્માત વળતર કેસમાં રૂ.૨૨,૦૦,૦૦૦/- માં વળતર ચુકવવા સમાધાન રજુ કરતા સમાધાન નોંધી લેવામાં આવે છે અને નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૧) સામાવાળા નં.૩ રીલાયન્સ જનરલ ઈન્સોયરેન્સ કંપની લી. અરજદારોને રૂ.૨૨,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા બાવીસ લાખ હજાર પુરા) વળતર રૂપે નિર્દિષ્ટ સમયમાં ચુકવી આપવા.

(૨) સમાધાન મુજબની રકમ વિમા કંપનીએ કાનુની સમયમાં જમા કરાવવી તેમાં વિલંબ કર્યેથી અરજદારને ૯ % વ્યાજ સહિત રકમ જમા કરવાની રહેશે.

(૩) વળતરની રકમ જમા થયેથી નીચે મુજબ ચુકવી આપવી. ક્રમ નં. અરજદારનું નામ રોકડા ૬ વર્ષ માટે અરજદારના નામે ફિક્સ ડીપોઝીટમાં મુકવી.

| **ક્રમ નં.** | **અરજદારનુ નામ** | **રોકડા** | **૬વર્ષ માટે અરજદારના નામે ફિક્સ ડીપોઝીટમાં મુકવી** |
|---|---|---|---|
| ૧. | સરીફાબાઈ ઉમર ચાવડા | રૂ.૬,૪૦,૦૦૦/- | રૂ.૬,૦૦,૦૦૦/- |
| ૨. | સાઈનાબેન ઉમરભાઈ ચાવડા | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| ૩. | સાયરાબાઈ ઉમર ચાવડા | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| ૪. | ચાવડા અસગરઅલી ઉમરભાઈ | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| ૫. | ફૈઝાન ઉમર ચાવડા | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| | કુલ રકમ રૂપીયા | રૂ.૧૧,૨૦,૦૦૦/- | રૂ.૧૦,૮૦,૦૦૦/- |

(૪) અરજદાર કોર્ટની પરવાનગી સિવાય ફીક્સ ડીપોઝીટ વટાવી શકશે નહી કે તેના ઉપર લોન,બોજો, તારણ ઉભુ કરી શકશે નહી.

(૫) અરજદારે ભરપાઈ કરેલ પુરેપુરી કોર્ટ ફી પરત આપવી.

(૬) પાકતી મુદતે સંલગ્ન બેન્કે અરજદારને ફીક્સ ડીપોઝીટના નાણાં ચુકવી આપવા.

(૭) પક્ષકારોને હુકમનામાની નકલ વિનામૂલ્યે પુરી પાડવી.

## ખર્ચ નો આકડો

| અરજદારને થયેલ ખર્ચ રૂા. પૈસા | | સામાવાળાને થયેલ ખર્ચ રૂા. પૈસા | |
|---|---|---|---|
| (૧) અરજીનો સ્ટેમ્પ | ૩/– | (૧)મુખત્યારનામાનો સ્ટેમ્પ | ૩/– |
| (૨) વસુલ કરવાપાત્ર કોર્ટ ફી | NIL | (૨) રજુ થયેલા કાગળોનો સ્ટેમ્પ કુલ આગળ આપ્યા પ્રમાણે | –––– |
| (૩) મુખત્યારનામાનો સ્ટેમ્પ | ૩/– | (૩) સાક્ષીની બાકી ખોરાકી | –––– |
| (૪)રજુ થયેલા કાગળોનો સ્ટેમ્પ કુલ આગળ આપ્યા પ્રમાણે | –––– | (૪) પ્લીડર ફી | ૧૨,૯૭૫/– |
| (૫) સાક્ષીની બાકી ખોરાકી | –––– | (૫) પ્રોસેસ બજવણી | –––– |
| (૬) પ્લીડર ફી | ૧૨,૯૭૫/– | (૬) કમીશ્નરની ફી | –––– |
| (૭) પ્રોસેસ બજવણી | ૨૦/– | | |
| (૮) કમીશ્નરની ફી | –––– | | |
| (૯) છપામણી ખર્ચ | –––– | | |
| કુલ | ૧૩,૦૦૧/– | કુલ | ૧૨,૯૭૮/– |

આજ તારીખ ૧૪ મી માહે: માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં મારી સહી તથા સીકકો કરી આપ્યુ.

તપાસ્યુ બરાબર છે.

સીનીયર કલાર્ક ડે. રજીસ્ટ્રાર મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ
અંજાર–કચ્છ.

અરજદારના વિ. વકિલશ્રી :– એમ.એ.ખોજા

સામાવાળા નં. ૩ ના વિ. વકિલશ્રી :–દીનેશકુમાર એમ. મહેતા

(આ મુકદમાના પક્ષકારોને ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલનો નિકાલ થયા પછી, કોઇપણ દસ્તાવેજો લઇ જવામાં નહી આવે તો તે દસ્તાવેજો નાશ કરવાને પાત્ર ગણાશે.)